GJBN140000622019				
	રજુ તારીખ	૨૧/૦૮/૨૦૧૯		
	દાખલ તારીખ	૨૧/૦૮/૨૦૧૯		
	ફેસલ તારીખ	૧૪/૦૭/૨૦૨૬		
	સમયગાળો	વર્ષ	માસ	દિન
		૦૬	૧૦	૨૩

<u>ભાવનગરના મહે. કામદાર વિમા અદાલત સમક્ષ, મુ.ભાવનગર.</u>

ઈ.એસ.આઇ. સેકન્ડ અપીલ નં.૦૧/૨૦૧૯

આંક–૨૪

એપેલેન્ટ... **રામકૃપાલ હેમંત સદેસીયા**
રહે.પ્લોટ નં.૨૪ સામે, અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ,
મુ.અલંગ, તા.તળાજા, જી.ભાવનગર.

વિ.

રીસ્પોન્ડન્ટ... **(૧) અશ્વિન કોર્પોરેશન તે તેમના વતી અશ્વિનકુમાર ગુપ્તા**
C/o. પ્લોટ નં.૭૭, અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ,
મુ.અલંગ, તા.તળાજા, જી.ભાવનગર

(૨) અલંગ ઓટો જનરલ એન્જીનીયરીંગ કોર્પોરેશન પ્રા.લી. તે તેમજ તેના વતી ઉદયભાઇ
C/o. પ્લોટ નં.૨૪, અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ,
મુ.અલંગ, તા.તળાજા, જી.ભાવનગર

(૩) ઈ.એસ.આઇ. કોર્પોરેશન તે તેમજ તેના વતી મુખ્ય અધિકારીશ્રી,C/o.ઈ.એસ.આઇ.ભવન,મુ.જી.અમદાવાદ

(૪) ઈ.એસ.આઇ. કોર્પોરેશન તે તેમજ તેના વતી બ્રાંચ મેનેજરશ્રી,C/o. ચાંવડી ગેટ, મુ.જી.ભાવનગર

હાજર રહયા:
અરજદાર તરફે વિ.વકીલ શ્રી પ્રતિભા પી.ઠકકર./શ્રી એમ.આર.શેખ
સામાવાળા નં.૧,૨ તરફે વિ.વકીલ શ્રી ડી.એસ.ભાયાણી
સામાવાળા નં.૩,૪ તરફે વિ.વકીલ શ્રી એસ.આર.ઠાકોર

વિષય : ઈ.એસ.આઇ. એકટ તળે રાજકોટમાં નામદાર મેડીકલ અપીલ ટ્રીબ્યુનલના એમ.એ.ટી. કેસ નં.૧/૧૭ ના તા.૫/૮/૧૯ ના ઠરાવ વિરૂધ્ધ અપીલ.

-: ચુ કા દો :-

૧. આ કામના એપેલેટની રજુઆત એવી છે કે, આ કામના સામાવાળા નં.૧ ની કંપનીમાં પ્લોટ નં.૭૭ મુકામે ચાલુ નોકરીનાં કાળ અને ક્રમ દરમ્યાન અકસ્માત થયેલો અને આ કામના એપેલેન્ટ કાયમી ગેસ કટર તરીકે સામાવાળા નં.૧,૨ ની સંસ્થામાં ફરજમાં હતા અને એપેલેન્ટને બંન્ને પગે અસ્થિભંગ થતા ઓપરેશનો કરવામાં આવેલા છે અને એપેલેન્ટને દેવરીયા હોસ્પીટલ, ઉત્તર પ્રદેશનાં સરકારી દવાખાનાના સર્ટીફીકેટ મુજબ એપેલેન્ટના બંન્ને પગમાં ૫૦% કાયમી ખોડ રહેવા પામેલ છે.

૧.૧ આ બાબતના સ્પષ્ટ આધારો નામદાર મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ રજુ કરવા છતાં તે ધ્યાનમાં લેવામાં આવેલ નહી.એપેલેન્ટ મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ માર્ક-૨/૧ થી આ કામના સામાવાળા નં.૩,૪ ના માત્ર ૨ ટકા ડીસેબીલીટીનો દસ્તાવેજ મુકેલો છે માર્ક-૨/૨ થી દેવરીયા હોસ્પીટલ, સરકાર દ્વારા નીમાયેલ ઓર્થોપેડીક સર્જન દ્વારા ૫૦ ટકા કાયમી ખોડનું સર્ટીફીકેટ આપવામા આવેલ છે.માર્ક-૨/૩ થી ડો.સંજય પરીખ ભાવનગરનું ઓર્થોપેડીક સર્જનનું ડીસ્ચાર્જ કાર્ડ રજુ કરેલું છે તેમજ માર્ક-૨/૪ થી ઇ.એસ.આઇ. કોર્પોરેશનને હોસ્પીટલે લખેલ પત્ર તથા માર્ક-૨/૫ થી શ્રી જીવનદીપ હોસ્પીટલનું ઈજાનું સર્ટીફીકેટ રજુ કરેલુ છે તેમજ માર્ક-૨/૬ થી ઇ.એસ.આઇ. કોર્પોરેશનનું અનફીટ સર્ટીફીકેટ રજુ કરેલ છે અને માર્ક-૨/૭ થી અપીલવાળાના જન્મતારીખનો આધાર પુરાવો રજુ કરેલ છે.

૧.૨ એપેલેન્ટનો ઇ.એસ.આઇ. ઈન્સયુરન્સ નંબર ૩૭૧૦૬૪૬૬૨૯ છે અને એપેલેન્ટને તા.૨૯/૦૬/૧૩ ના રોજ ડાબા તથા જમણા પગે ઈજાઓ થયેલી છે અને બંન્ને પગે ઓપરેશન કરાવેલ છે. એપેલેન્ટને તા.૩૦/૬/૧૩ થી તા.૧૫/૧૨/૧૪ સુધી આશરે દોઢ વર્ષ પથારીવસ હતા. એપેલેન્ટ હાલમાં કોઈપણ પ્રકારનું મજુરી કામ કરી શકે તેમ નથી અને પગની ઈજાઓ જોતા મજુરી કામ કરવા માટે કાયમ માટે નકામા બની ગયેલ છે અને આ બાબતે એપેલેન્ટ દ્વારા એ.આઇ.આર ૧૯૭૬ સુપ્રિમ કોર્ટ પાના નં.૨૨૨ ના ચુકાદા મુજબ જે પરમેનન્ટ ડીસેબીલીટીની વ્યાખ્યા આપી છે તે વંચાણે લઇ

ધ્યાનમાં લેવા અને એપેલેન્ટ જે મજુરી કામ કરતા હતા તે મજુરી કામ એપેલેન્ટથી કરી શકાય તેમ નથી. ખરેખર એપેલેન્ટને દેવરિયા હોસ્પીટલના સર્ટીફીકેટ મુજબ ૫૦% ખોડ આવેલ છે. પરંતુ, એપેલેન્ટ જે હેતુસર કામ કરતા હતા તે કામ માટે એપેલેન્ટ ૧૦૦ ટકા નકામા બની ગયેલ છીએ.

૧.૩ વધુમાં જણાવેલ છે કે, આ કામમાં ઇ.એસ.આઇ. કોર્પોરેશને માત્ર ૨% કાયમી ખોડની આકારણી કરતા એપેલેન્ટે તે હુકમ સામે નામદાર મેડીકલ અપીલ ટીબ્યુનલ સમક્ષ અપીલ કરવામાં આવેલ. જે અપીલના કામે તા.૮/૮/૧૯ ના રોજ ૧૦ ટકા કાયમી ખોડની આકારણી કરેલ અને આ હુકમથી નારાજ થઇ હાલની આ અપીલ અત્રેની નામદાર કોર્ટ સમક્ષ કરેલ છે.

૧.૪ એપેલેન્ટને ૧૦૦ ટકા કાયમી ખોડ હોવાનું જાહેર કરવાને બદલે માત્ર ૧૦% કાયમી ખોડ હોવાનું જાહેર કરેલ છે.જે તદ્દન ગેરકાયદેસર, ગેરબંધારણીય અને કાયદા અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કાયમી ખોડ ખાપણના જે ધારા ધોરણ ઠરાવેલ છે તેનાથી વિરૂધ્ધનું અનુમાન કરી કોઇપણ કાયદેસરના કારણ વગર માત્ર ૧૦ ટકા કાયમી ખોડ આકારેલ છે. જેથી હાલની આ અપીલ કાયદેસરની અને સમયમર્યાદામાં કરેલ છે.

૧.૫ આ અપીલ ઉપસ્થિત કરવાના કારણો જોવામાં આવે તો નામદાર નીચેની કોર્ટનો હુકમ ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે.એપેલેન્ટને દેવરીયા હોસ્પીટલ સરકાર માન્ય ઓર્થોપેડીક સર્જન દ્વારા આપવામાં આવેલ ૫૦% કાયમી ખોડ ખાપણનું સર્ટીફીકેટ શા માટે માન્ય રાખેલ નથી તેના કોઈ કારણો જણાવેલ નથી.આ કામના એપેલેન્ટ ચાલી શકતા નથી, કોઈ ભારે વજન ઉંચકી શકતા નથી, દાદર ચડવામાં તકલીફ છે અને શીપ બ્રેકીંગ યાર્ડમાં જમીનથી ૫૦ ફુટ ઉપર જઈને ગેસ કટીંગની કોઈ કામગીરી કરી શકે તેમ નથી.હાલ એપેલેન્ટ પથારીવસ છે અને કોઇપણ જાતના મજુરી કામ માટે લાયક રહેલ નથી.તેથી કાયમી ખોડ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે મુજબ એપેલેન્ટને જે ૫૦% કાયમી ખોડ થયેલ છે તે સુપ્રિમ કોર્ટનાં ઠરાવ મુજબ ૧૦૦% મુજબ કાયમી ખોડ ગણી અને પેન્શન અપાવવા આ કામના સામાવાળા નં.૩, ૪ નાઓને આદેશ કરવા અરજ કરેલ છે.

૧.૬ વધુમાં જણાવેલ છે કે, નીચેની નામદાર કોર્ટ દ્વારા જે કાંઈ તારણો આપેલા છે તે તારણો અસ્પષ્ટ, અધુરા, કાયદા વિરૂધ્ધના, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લીધા વગર આપેલ હોય તેથી નીચેની કોર્ટનો હુકમ રદ કરવા અને એપેલેટની માંગણી મુજબ ૧૦૦ ટકા કાયમી ખોડ ગણી મંજુર કરવા અરજ કરેલ છે. આ અપીલની સુનાવણી વખતે જે મુદ્દાઓ ઉપસ્થિત થાય તે મુદ્દાઓ સાંભળી અને મેડીકલ અપીલ ટીબ્યુનલને જે ૧૦ ટકા કાયમી ખોડની આકારણી કરેલ છે તે હુકમને રદ કરી અને એપેલેટની માંગણી મુજબ પુરેપૂરી ૧૦૦ ટકા કાયમી ખોડ ગણવાનો હુકમ કરવા અત્રેની નામદાર અદાલતને અરજ કરેલ છે. આ અપીલના અનુસંધાને મળવાપાત્ર બીજી દાદ અપાવવા અને આ અપીલનો તમામ ખર્ચ આ કામના સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

૨. આ કામના સામાવાળા નં.૧,૨ ને ધોરણસરની નોટીસ બજી ગયેલ અને તેમના તરફે વિ.વકીલ શ્રી ડી.એસ.ભાયાણી હાજર થયેલ છે અને વકીલાતપત્ર રજુ કરેલ છે. પરંતુ, આ કામે સામાવાળા નં.૧, ૨ નાઓને લેખિત જવાબ/વાંધા રજુ કરવા માટે પુરતો અને વ્યાજબી સમય આપવા છતાં સામાવાળા નં.૧,૨ તરફથી જવાબ રજુ કરવામાં નહી આવતા તેઓનો જવાબ/વાંધાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૨.૧ આ કામના સામાવાળા નં.૩,૪ ને ધોરણસરની નોટીસ બજી ગયેલ અને તેમના તરફે વિ.વકીલ શ્રી એસ.આર.ઠાકોર હાજર થયેલ છે. સામાવાળા નં.૩,૪ તરફે આંક–૨૨ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં રજુઆત કરેલ છે કે, પેરા નં.૧ ના સંદર્ભમાં એ હકીકત સ્વીકારવામાં આવે છે કે, એપેલેન્ટ આ કામના સામાવાળાનં.૧ અને ૨ ની સંસ્થામાં ગેસ કટર તરીકે કામ કરી રહેલ હતા અને તેઓ નોકરી ઉપર હતા દરમ્યાન તેમને બંન્ને પગમાં ઈજાઓ થયેલ છે અને તેની સર્જરી પણ થયેલ છે. પરંતુ, આ ઈજાઓને કારણે એપેલેન્ટને ૫૦% કાયમી ખોડ થયેલ છે તે હકીકત સામાવાળા નં.૩,૪ નાઓ દ્વારા સ્વીકારવામાં આવતી નથી.

૨.૨ વધુમાં રજુઆત કરેલ છે કે,પેરા નં.૨ મા જણાવેલ હકીકત અંગે તકાર નથી કારણ કે તે રેકર્ડ ઉપર આધારિત છે. વધુમાં જણાવેલ છે કે, માનનીય

તબીબી કોર્ટ અપીલ ટ્રીબ્યુનલે માનનીય મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ એપેલેન્ટ દ્વારા રજૂ કરાયેલા તથ્યો અને પુરાવાઓને ધ્યાનમાં લીધા પછી આદેશ પસાર કરેલ છે.

૨.૩ વધુમાં રજુઆત કરેલ છે કે, પેરા નં.૩ ની હકીકત એ હદ સુધી સ્વીકારવામાં આવે છે કે, અપીલવાળાએ ESI નં.૩૭૧૦૬૪૬૬૨૯ દ્વારા અમો સામાવાળા નિગમ પાસે વીમો કરાવેલ હતો અને ૨૯ જુન–૨૦૧૩ ના રોજ એપેલેન્ટ બંન્ને પગમાં ઈજાઓ થયેલ હતી અને તેમની સર્જરી કરવામાં આવેલ હતી. બાકીની હકીકતોને સ્વીકારવામાં આવતી નથી કારણ કે તે ખોટી અને પાયાવિહોણી છે.

૨.૪ પેરા નં.૫ ની હકીકત તેટલા પુરતી સ્વીકારવામાં આવે છે કે, એપેલેન્ટ દ્વારા સમયમર્યાદામાં હાલની અપીલ કરેલી છે. વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, મેડીકલ અપીલ ટ્રીબ્યુનલે અપીલવાળાના રેકર્ડ અને તબીબી તપાસના મૂલ્યાંકનના આધારે એપેલેન્ટને ૧૦% કાયમી ખોડનું પ્રમાણપ્રત્ર આપેલ હતુ. એપેલેટની તબીબી તપાસ ટ્રીબ્યુનલના સભ્યો, સરકાર દ્વારા નિયુક્ત નિષ્ણાંત ડૉક્ટર ડૉ.શ્યામ બી.ગોહિલ, ઓર્થોપેડિક સર્જન, રાજકોટ, ડૉ.આશિષ ગણાત્રા, જનરલ સર્જન રાજકોટ, યુનિયનના નેતા નવનીતભાઈ એસ.શાહ અને નરેન્દ્રભાઈ એન.દવે નાઓની હાજરીમાં કરવામાં આવેલી હતી. તબીબી અહેવાલો, એપેલેન્ટના તબીબી ઈતિહાસ અને એપેલેન્ટની તબીબી તપાસના આધારે ડોકટરોએ અભિપ્રાય આપેલ હતો કે, અકસ્માતને કારણે એપેલેન્ટને બંન્ને પગમાં શારીરિક અપંગતા આવેલી હતી અને તે મુજબ એપેલેન્ટને ૧૦% કાયમી ખોડ થયેલ છે. ડોકટરોના રિપોર્ટના આધારે, યુનિયનના સભ્યોએ ટ્રીબ્યુનલ સમક્ષ એક રીપોર્ટ રજૂ કરેલ હતો જેમાં જણાવેલ હતું કે, એપેલેન્ટ ૧૦% કાયમી ખોડ ધરાવે છે. મેડિકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા મેડીકલ ઓફીસરો અને યુનિયનના સભ્યોના રીપોર્ટના આધારે અને ટ્રીબ્યુનલના સભ્યોની સાથે ચર્ચા કર્યા પછી એપેલેન્ટને ૧૦% કાયમી ખોડ મંજૂર કરેલી હતી.પેરા નંબર ૬ અને ૭ મા જણાવેલ હકીકતો ઔપચારિક છે અને તે અંગે કોઇ તકરાર નથી.

૨.૫ વધુમાં રજુઆત કરેલ છે કે, પેરા નં.૮(૧), ૮(૨), ૮(૩), ૮(૪), ૮(૫) અને ૮(૬) ની હકીકત સ્વીકારવામાં આવતી નથી અને એપેલેન્ટ દ્વારા માંગવામાં આવેલ દાદ માન્ય રાખવા માટે જવાબદાર નથી. કારણ કે, તે ખોટી, પાયાવિહોણી અને નામદાર કોર્ટની સહાનુભૂતિપૂર્ણ વિચારણાનો લાભ લેવા માટે રજૂ કરવામાં આવેલ છે. એપેલેન્ટ પથારીવશ છે અને કામ કરવા માટે અસમર્થ છે તે સાબિત કરવા માટે અપીલવાળાએ આવા કોઈ દસ્તાવેજ રજૂ કરેલ નથી.

૨.૬ વધુમા રજૂઆત કરેલ છે કે, મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટ દ્વારા આપવામાં આવેલ હુકમ તબીબી રેકર્ડની યોગ્ય ચકાસણી અને નિષ્ણાંતના મંતવ્યો ધ્યાનમાં લીધા પછી આપવામાં આવેલ છે.મેડિકલ અપીલ ટ્રીબ્યુનલે યોગ્ય રીતે અવલોકન કરેલ છે કે, એપેલેન્ટને થયેલી ઈજા "શિડ્યુલ ઈજા નથી" અને તેથી એપેલેન્ટ દ્વારા માંગવામાં આવેલી દાદને મંજુર કરી શકાય નહી.વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, એપેલેન્ટ તકરારી હુકમને પડકારતી કોઈપણ ગેરવ્યાજબી હકીકતો અથવા કાયદાની ભૂલ દર્શાવવામાં નિષ્ફળ ગયેલ છે અને તેથી અપીલ નકારી કાઢવાને પાત્ર છે.

૨.૯ સામાવાળા નં.૩,૪ સંસ્થા તરફે નામદાર કોર્ટને રજુઆત કરવામાં આવેલ છે કે, મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા આપવામાં આવેલ ૧૦% કાયમી ખોડના ચુકાદાને સમર્થન આપે છે અને ૧૦૦% કાયમી ખોડની માંગણી કરતી એપેલેન્ટની અપીલને રદ કરવા અરજ કરેલ છે.

૩. એપેલેન્ટ તરફથી આંક-૨ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

-:દસ્તાવેજી પુરાવાઓ:-

નિશાની	આંક	વિગત	તારીખ
૨/૧	-	મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટનો એમ.એ.ટી. કેસ નં.૧/૧૭ નો હુકમ-ઠરાવની ખરી નકલ.	૫/૮/૧૯
૨/૨	-	અપીલવાળાનું ૫૦ ટકા કાયમી ખોડનું પ્રમાણપત્રની નકલ.	૧૨/૫/૧૬
૨/૩	-	અપીલવાળાનું હેન્ડીકેપનું સર્ટીફીકેટની નકલ.	૭/૬/૧૬

૪. ત્યારબાદ, નામદાર અદાલત દ્વારા આ કામ દલીલ માટે મુલત્વી રાખવામાં આવતા એપેલેન્ટ તરફે વિ.વકીલ શ્રીમતિ પ્રતિભા પી. ઠકકર વતી વિ.વકીલ શ્રી એમ.આર.શેખ નાઓએ જણાવેલ છે કે, આ કામની અપીલના કામે રજુ કરેલ આંક–૧ થી અરજીમાં જણાવેલ મુદાઓને દલીલ ગણી અને એપેલેન્ટની અપીલ મંજુર કરવા અરજ કરેલ છે.

૫. ત્યારબાદ, આ કામે સામાવાળા નં.૧,૨ ના વિ.વ.શ્રી ડી.એસ. ભાયાણી દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના એપેલેન્ટને અકસ્માતમાં ઈજા થતા ઈ.એસ.આઈ. કોર્પોરેશનના મેડીકલ બોર્ડ દ્વારા ર% કાયમી ખોડની આકારણી કરવામાં આવેલ. જે હુકમની વિરૂધ્ધ એપેલેટે ફર્સ્ટ અપીલ દાખલ કરેલ. જે ફર્સ્ટ અપીલના કામે એપેલેટને થયેલ ઈજાના કારણે રહેવા પામેલ કાયમી ખોડ ૧૦% નો હુકમ પસાર કરવામાં આવેલ તેમજ નિષ્ણાંત ડોકટર દ્વારા અને ઈ.એસ.આઈ. બોર્ડના ડોકટર દ્વારા એપેલેટને ૧૦% કાયમી ખોડનું સર્ટીફીકેટ આપવામાં આવેલ.વધુમાં વિ.વ.શ્રી ડી.એસ. ભાયાણી દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલની અપીલના કામે એપેલેન્ટને ૧૦૦% કાયમી ખોડ થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. મેડીકલ ટ્રીબ્યુનલ દ્વારા એપેલેન્ટને ૧૦% કાયમી ખોડ છે તેવો પસાર કરેલ હુકમ વ્યાજબી છે. જેથી અપીલ મુજબની માંગણી મંજુર થવાપાત્ર બનતી ન હોય એપેલેટની અપીલ નામંજુર કરવા અરજ કરેલ છે.

૬. ત્યારબાદ, આ કામે સામાવાળા નં.૩,૪ ના વિ.વ.શ્રી એસ.આર. ઠાકોર દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના એપેલેન્ટને અકસ્માતમાં થયેલ ઈજા શીડયુલ બહારની છે. આ કામના એપેલેન્ટને અકસ્માતમાં ઈજા થતા ઈ.એસ.આઈ.કોર્પોરેશનના મેડીકલ બોર્ડ દ્વારા ર% કાયમી ખોડની આકારણી કરવામાં આવેલ તે હુકમ વિરૂધ્ધ એપેલેન્ટે મેડીકલ એપેલેટ ટ્રીબ્યુનલ સમક્ષ ફર્સ્ટ અપીલ કરતા નિષ્ણાંત ડોકટરના અભિપ્રાય મુજબ ૧૦% કાયમી ખોડનો હુકમ કરવામાં આવેલ. વધુમાં વિ.વકીલ શ્રી એસ.આર.ઠાકોર દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે સામાવાળા નં.૩, ૪ તરફથી રજુ થયેલ લેખિત જવાબમાં તમામ મુદાની દલીલ રજુ કરેલ છે તેને પણ ધ્યાનમાં લેવા વિનંતી કરેલ છે અને એપેલેન્ટની અપીલ ગ્રાહય

રાખવાપાત્ર બનતી ન હોય અપીલ રદ કરવા અરજ કરેલ છે.

વિ.વકીલ શ્રી એસ.આર.ઠાકોર દ્વારા તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

1. Ram Awadh v/s Employees State Insurance Corporation (1995 All-LJ 736)
2. Sureshchandra Vrandavanlal Jani v/s Regional Director, ESIC (First Appeal No.2660 of 1996 High Court of Gujarat)
3. Bhanubhai Govindbhai v/s Employees State Insurance Corporation (2019 (1) LLJ 644 Guj.)

૭. આમ, એપેલેન્ટ તથા સામાવાળાઓની લેખિત, મૌખિક રજુઆતને ધ્યાનમાં લેતાં હાલની અપીલના ન્યાયીક નિર્ણય માટે મારા મતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–:મુદ્દા:–

મુદ્દા નં.૧: શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, મેડીકલ અપીલ ટ્રીબ્યુનલનો હુકમ ખોટો, ભુલ ભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોથી વિરૂધ્ધનો હોય આ અદાલત દ્વારા તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી બને છે?

મુદ્દા નં.૨: શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

જવાબ:– મુદ્દા નં.૧ : નકારમાં,

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

તારણો:–

મુદ્દા નં.૧:–

૮. આ કામના એપેલેન્ટ દ્વારા હાલની આ અપીલ ઇ.એસ.આઇ. એકટની કલમ–૫૪–એ(૨)(૧) અન્વયે મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટના એમ.એ.ટી નં.૧/૨૦૧૭ ના કામે તા.૫/૮/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હુકમ વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ છે.

૯. આ કામના એપેલેન્ટ સામાવાળા નં.૧ અને ૨ ની અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં આવેલ સંસ્થામાં નોકરી કરતા હતા અને આ સંસ્થા દ્વારા તેના કામદારોને ઇ.એસ.આઇ. એકટ આવરી લઇ તેમનો ઇન્સયુરન્સ કરાવવામાં આવેલ હતો. હાલના એપેલેન્ટનો ઇ.એસ.આઇ. નં.૩૭૧૦૬૪૬૬૨૯ નો હોવા બાબતે કોઇ તકરાર રહેલી નથી. વળી, આ કામના એપેલેન્ટ સામાવાળા નં.૧, ૨ ની સંસ્થામાં કામ કરતા હતા તે વખતે તા.૨૯/૬/૧૩ ના રોજ અકસ્માતમાં તેઓને ઇજા થયેલ હોવા બાબતે પણ કોઇ તકરાર નથી. આ અકસ્માતમાં એપેલેન્ટને જમણા પગનાં હાડકા ટીબીયા ફેબ્યુલામા ફ્રેકચર તથા ડાબા પગના સાથળના હાડકામાં ફ્રેકચર થયેલ અને તેના કારણે દર્દીને બંન્ને પગમાં ઓપરેશન કરાવવા પડેલા. સાથળના ભાગે થયેલ ઇજામાં ઇન્ફેકશન થતાં તેઓને ત્રીજુ ઓપરેશન પણ કરાવવુ પડેલ. આ ઉપરોકત ઇજાઓના કારણે એપેલેન્ટને તા.૩૦/૬/૨૦૧૩ થી તા.૧૫/૧૨/૨૦૧૪ સુધી આશરે દોઢ વર્ષ સુધી પથારીવશ રહેવુ પડેલ અને આ ઇજાઓના કારણે તેઓ કોઇ પણ પ્રકારનું મજુરી કામ કરી શકે તેમ નથી અને મજુરી કામ કરવા માટે કાયમી રીતે નકામા બની ગયેલ છે.

૧૦. એપેલેન્ટની આ ઉપરોકત ઇજાઓની ઇ.એસ.આઇ. કોર્પોરેશન બોર્ડ દ્વારા શારીરિક તપાસણી કરી ૨% કાયમી ખોડની આકારણી કરવામાં આવેલ. આ હુકમથી નારાજ થઇ એપેલેન્ટ દ્વારા મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટ સમક્ષ એમ.એ.ટી નં.૧/૨૦૧૭ થી ઇ.એસ.આઇ. એકટની કલમ-૫૪-એ અન્વયે અપીલ દાખલ કરવામાં આવેલ. આ અપીલના કામે મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા ઇ.એસ.આઇ. મેડીકલ બોર્ડ દ્વારા એપેલેન્ટની ૨% કાયમી શારીરિક ખોડનો નિર્ણય રદ્દ કરી એપેલેન્ટને ૧૦% કાયમી શારીરિક ખોડ હોવાનું ઠરાવવામાં આવેલ છે. આ હુકમથી નારાજ થઇ એપેલેન્ટ દ્વારા હાલની આ અપીલ દાખલ કરવામાં આવેલ છે. જેમાં તેમના દ્વારા મુખ્યત્વે દીયોરીયા સરકારી હોસ્પીટલ દ્વારા તા.૧૨/૫/૧૬ ના રોજ આપવામાં આવેલ ડીસેબીલીટી સર્ટીફીકેટમાં એપેલેન્ટની ૫૦% શારીરિક ખોડ ઉપર આધાર રાખવામાં આવેલ છે. પરંતુ, આ કામે હાલની અપીલનો ગુણદોષ ઉપર ન્યાયીક નિર્ણય કરવા માટે મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટનું એમ.એ.ટી

નં.૧/૧૭ નું અસલ રેકર્ડ મંગાવવામાં આવેલ છે. આ ઉપરોકત રેકર્ડનો અભ્યાસ કરતા અરજદાર દ્વારા મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ સમક્ષ જે મેડીકલ સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ હતા તે પૈકી જીવનદીપ મલ્ટીસ્પેશીયાલીટી સર્જીકલ સેન્ટરનું તા.૧૩/૫/૧૪ ના રોજનું સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ. આ સર્ટીફીકેટની વિગતો વંચાણે લેતા જણાય આવે છે કે, એપેલેન્ટને થયેલ ઈજા બાબતે ડોકટરશ્રી દ્વારા હાડકાને બાંધવા માટે ફરીથી સર્જરી કરાવવા માટે જણાવેલ. પરંતુ, એપેલેન્ટ સર્જરી કરાવવા માટે રાજી ન હોવાનું જણાવેલ છે. આમ, આ ઉપરોકત હકીકત ઉપરથી જણાય છે કે, એપેલેન્ટ જે ઈજા થયેલ હતી તેની ડોકટરની સલાહ સુચન મુજબ યોગ્ય રીતે એપેલેન્ટ દ્વારા સારવાર કરાવવામાં આવેલ નથી. આથી, એપેલેન્ટની ભુલ અગર તો નિષ્કાળજીના કારણે તેમને થયેલ ઈજાથી શું એપેલેન્ટને કોઈ કાયમી પ્રકારની ખોડ ખાપણ રહેવા પામે તો તેના માટે આ કામના સામાવાળાઓ જવાબદાર બનતા નથી તેવુ મારૂ નમ્રપણે માનવુ છે. વળી, એપેલેન્ટ દ્વારા દીયોરીયાની સરકારી હોસ્પીટલના મેડીકલ સર્ટીફીકેટ ઉપર જે આધાર રાખવામાં આવેલ છે. જે ધ્યાનમાં લેવામાં આવે તો એપેલેન્ટને અકસ્માતમાં ઈજા તા.૨૯/૬/૨૦૧૩ ના રોજ થયેલ હતી જયારે એપેલેન્ટની શારીરિક તપાસણી તા.૧૨/૫/૨૦૧૬ ના રોજ આશરે ૩ વર્ષના સમયગાળા બાદ કરી આ સર્ટીફીકેટમાં ૫૦% શારીરિક ખોડ હોવાનું જણાવવામાં આવેલ છે. આથી, અગાઉ ઉપરોકત જણાવ્યા મુજબ એપેલેન્ટ દ્વારા તેમને થયેલ ઈજા બાબતે યોગ્ય રીતે સારવાર નહી કરાવતા અને ડોકટરશ્રીની સુચનાઓ મુજબ અમલ નહી કરતા તેમની પોતાની નિષ્કાળજીના કારણે જો કાયમી પ્રકારની ખોડ ઉભી થવા પામેલ હોય તો તેવા કારણસર આ ઉપરોકત સરકારી હોસ્પીટલના મેડીકલ સર્ટીફીકેટમાં જણાવ્યા મુજબની ખોડ ગણતરીમાં ધ્યાનમાં લઈ શકાય નહી.

૧૧. આમ, આ કામના એપેલેન્ટની પ્રથમ શારીરિક તપાસણી ઈ.એસ.આઈ. બોર્ડ દ્વારા કરવામાં આવેલ જેમાં એપેલેન્ટને ૨% કાયમી શારીરિક ખોડ હોવાનું ઠરાવવામાં આવેલ. આ હુકમ સામે પ્રથમ એપેલેટ ટ્રીબ્યુનલ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવેલ. આ અપીલના કામે

ઓર્થોપેડિક સર્જન, જનરલ સર્જન, યુનિયન પ્રતિનિધિ દ્વારા એપેલેન્ટની શારીરિક તપાસણી કરી તેઓને રહેલ ખોડની આકારણી કરવામાં આવેલ જે ૧૦% ઠરાવવામાં આવેલ. આ કામના એપેલેન્ટને જે ઇજાઓ થયેલ છે તે ઇજાઓ બીજા શીડયુલ બહારની ઇજાઓ છે. આથી, જયારે શીડયુલ બહારની ઇજાઓ હોય તો તેવા કિસ્સામાં મેડીકલ એક્ષપર્ટ દ્વારા તેમના અનુભવ અને એપેલેન્ટની ઇજાઓને ધ્યાનમાં લઇ કાયમી ખોડની જે આકારણી કરવામાં આવેલ છે તે વ્યાજબી અને ન્યાયી હોવાનું જણાય આવે છે. મહે.મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા પણ તેમની સમક્ષ રજુ થયેલ પુરાવા તથા મેડીકલ એક્ષપર્ટ તથા યુનિયન પ્રતિનિધિઓના અભિપ્રાયને ધ્યાનમાં લઇ આ તમામના ૧૦% શારીરિક ખોડ ઠરાવવાના નિર્ણયને સ્વીકાર કરી ઇ.એસ.આઇ. મેડીકલ બોર્ડના ૨% શારીરિક ખોડના હુકમને રદ્દ કરી એપેલેન્ટને ૧૦% શારીરિક ખોડ હોવાનું ઠરાવતો જે હુકમ કરવામાં આવેલ છે તે વ્યાજબી અને ન્યાયી હોવાનું જણાય આવે છે.

૧૨. વળી, આ કામે સામાવાળા નં.૩, ૪ તરફે વિ.વકીલ શ્રી એસ.આર. ઠાકોર દ્વારા જે ચુકાદાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે તે અત્રે પ્રસ્તુત કરી ધ્યાનમાં લેવા જરૂરી બને છે.

૧૨.૧ સૌ પ્રથમ નામ.અલ્લાહાબાદ હાઇકોર્ટનો Ram Avadh v/s ESIC 1995 All-LJ 736 ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદામાં નામ.હાઇકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

"(3.) Having heard the learned counsel for the parties, I am of the view that if the Medical Appellate Tribunal has, on proper self direction to the relevant factors, arrived at a conclusion as to the extent of disablement suffered by an insured person due to an employment injury then such conclusions arrived at by the Medical Appellate Tribunal are not liable to be interfered with by the E.S.I. Court. It is true that insured person or Corporation, as the case may be, has a right to file appeal against the decision of the Medical Board to the Medical Appellate Tribunal with a

further right to appeal to the Employees Insurance Court, but the E.S.I. Court while exercising the appellate powers under Sec. 54-A(2)(i) has to attach due value to the conclusions arrived at by the Medical Appellate Tribunal on the question of extent of disability. The E.S.I. Court should normally not interfere with the conclusions arrived at by the Medical Appellate Tribunal except where it finds that the conclusions are based on no valid material or they are perverse or otherwise vitiated by reason of any mistake of law or of fact. In the present case no such eventuality exists and the E.S.I. Court, in my opinion had, in the facts and circumstances of the case, no jurisdiction to interfere with the conclusion arrived at by the Medical Appellate Tribunal."

૧૨.૨ ત્યારબાદ,નામ.ગુજરાત હાઈકોર્ટનો Sureshchandra Vrandavanlal Jani v/s Regional Director, ESIC First Appeal No.2660 of 1996 નો ચુકાદો રજુ કરી રજૂઆત કરવામાં આવેલ છે કે, મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા ધ્યાનમાં લેવામાં આવેલા તબીબી નિષ્ણાતંના તારણો વિરૂધ્ધ એપેલેન્ટ દ્વારા તકરાર લેવામાં આવેલ નથી અને તેથી એપેલેટની અપીલ પર વિચાર કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

"6. The Medical Board had assessed the permanent partial disability of the injured workman at 15%, which was raised to 20% by the Medical Appellate Tribunal. This was further raised to 25% by the ESI Court. The appellant herein now seeks a further upward revision only on facts. However, in my opinion, the ESI Court, on the facts and evidence on record, could not have raised the extent of disability on mere ipsi dixit when there was an expert medical finding recorded by the Medical Appellate Tribunal to the effect that the disability is 20%. However, since

this is an appeal by the workman for the purpose of revising upward the extent of disability, I am not inclined to reduce the figure determined by the ESI Court."

૧૨.૩ ત્યારબાદ, સામાવાળા તરફે નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો Bhanubhai Govindbhai v/s ESIC 2019 (1) LLJ 644 રજુ રાખવામાં આવેલ છે.આ ચુકાદામાં નામ.હાઈકોર્ટ દ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

7.3 Yet another situation which is being converted by the present appellant is that the injuries which are mentioned are non–scheduled injuries and, therefore, applying the general mode from the schedules appropriately the determination has taken place and as such when this authorities below have concurrently held against the present appellant and has determined a particular percentage of disability, there is no other reason as to why the Court can take a different view from that of Medical Board assessors. As a result of this, the finding which has been arrived at apparently is not reflecting any perversity, this Court is not inclined to entertain the appeal.

7.4 Additionally, it is further reflecting from the order that Medical Appellate Tribunal has passed an order after considering certificate, after considering the report of physical examination of the appellant and has passed an order after assigning cogent reason and, therefore, when the principles of natural justice has also been complied with to the fullest extent, there is no other reason for this Court to take the different view. As a result of this, appeal being lacks of merits is not possible to be accepted by this Court.

૧૩. આમ, નામ.હાઈકોર્ટોના ઉપરોકત જણાવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ હકીકતોને હાલના કેસની હકીકતો સાથે વંચાણે લેતા જણાય

આવે છે કે, ઈ.એસ.આઈ. બોર્ડના ૨% કાયમી ખોડની આકારણી પછી મહે.મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ દ્વારા મેડીકલ એક્ષપર્ટ તથા યુનિયન પ્રતિનિધિઓના અભિપ્રાયોને ધ્યાનમાં લઈ એપેલેન્ટની ૧૦% કાયમી ખોડની જે આકારણી કરતો જે હુકમ કરવામાં આવેલ છે તે એપેલેન્ટની શીડયુલ બહારની ઈજાઓને જોતાં વ્યાજબી અને ન્યાયી હોવાનું જણાય આવે છે. આથી, મહે.મેડીકલ એપેલેટ ટ્રીબ્યુનલનો હુકમ ભુલ ભરેલો કે ખામીવાળો કે કાયદાના સિધ્ધાંતોથી વિરૂધ્ધનો હોવાનું જણાય આવતુ ન હોય મેડીકલ અપીલ ટ્રીબ્યુનલના તા.૫/૮/૨૦૧૯ ના હુકમમાં કોઈ ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી. આથી, એપેલેન્ટની હાલની અપીલમાં માંગણી કર્યા મુજબની દાદ ગ્રાહય રાખવાપાત્ર બનતી ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય 'નકારમાં' ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: આખરી હુકમ :-

૧. આ કામના એપેલેન્ટની હાલની અપીલ નામંજુર કરવામાં આવે છે.

૨. આ કામે મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટ દ્વારા એમ.એ.ટી અરજી નં.૧/૨૦૧૭ ના કામે તા.૫/૮/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

૩. આ કામે મેડીકલ અપીલ ટ્રીબ્યુનલ, રાજકોટનું એમ.એ.ટી અરજી નં.૧/૨૦૧૭ નું અસલ રેકર્ડ આ હુકમની નકલ સાથે સંબંધીત ટ્રીબ્યુનલને પરત મોકલી આપવું.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ:૧૪/૦૭/૨૦૨૬
સ્થળ:ભાવનગર

(એમ.એસ.બાકી)
ન્યાયાધીશ
કામદાર વિમા અદાલત, ભાવનગર
જજ કોડ નં.જીજે૦૦૬૮૩